## આંક:– ૧ હેઠળ હુકમ

(૧) સાંભળ્યા, કેસ પેપર્સ ધ્યાને લીધા. પોલીસ સ્ટેશનના અમલદાર એ (ફરીયાદીનું નામ, હોદો)એ કરેલ જાહેરાતને ક્રિ.પ્રો.કોડ કલમ ૧૫૪ હેઠળ એફ.આઈ.આર. તરીકે નોંધી તેની કરવામાં આવેલ તપાસના અંતે આરોપી વિરુધ્ધ ક્રિ.પ્રો.કોડ કલમ ૧૭૩ હેઠળ મોટર વ્હીકલ એકટ ની કલમ–૧૮૫ મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે મો.વ્હી.એકટ ની કલમ–૧૮૫ અથવા અન્ય કલમો મુજબના ગુન્હાઓ કોગ્નિઝેબલ છે કે નોન–કોગ્નિઝેબલ..? જો નોન–કોગ્નિઝેબલ હોય તો શું આવા ગુન્હાઓમાં કરાયેલ ચાર્જશીટના આધારે આ અદાલત કેસ આગળ ચલાવી શકે.? જો ન ચલાવી શકાય તો આવા કેસો બાબતે શું ઉપાય.?

(૩) કોઈ પોલીસ સ્ટેશનના થાણા અમલદાર સમક્ષ કોઈ કોગ્નિઝેબલ ગુન્હાની જાહેરાત થાય તો એની ફરજ છે કે એફ.આઈ.આર. નોંધી તેની તપાસ કરે, પણ જો આવા કોગ્નિઝેબલ ગુન્હાની એફ.આઈ.આર.અનુસંધાનેની તપાસના અંતે માત્ર કોઈ નોન–કોગ્નિઝેબલ ગુન્હો બને છે એ મતલબનું ચાર્જશીટ કરવામાં આવે તો ક્રિ.પ્રો.કોડ કલમ ૨(ડી)ની સમજુતી મુજબ તેવા રીપોર્ટ ( ચાર્જશીટ )ને ફરીયાદ અને તપાસ કરનાર અધિકારીને ફરીયાદી ગણીને ખાનગી ફરીયાદ તરીકે આગળ ચલાવી શકાય છે પણ આ માટે કોગ્નિઝેબલ ગુન્હાની જાહેરાત અનુસંધાનેની એફ.આઈ.આર. હોવી એ આવશ્યક પુર્વશરત છે. જો જાહેરાત જ નોન–કોગ્નિઝેબલ ગુન્હાની હોય તો પણ તપાસ કરનાર અમલદાર ધ્વારા ક્રિ.પ્રો.કોડ કલમ ૧૫૪ હેઠળ એફ.આઈ.આર. નોંધવાનો અને તપાસ કરવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. કેશવલાલ ઠાકુર વિરૂધ્ધ બિહાર રાજય ૧૯૯૬(૪) ક્રાઈમસ (સુપ્રિમકોર્ટ) ૧૨૧ વાળા ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે સ્પષ્ટ રીતે ઠરાવેલ છે કે,

That necessarily means, that neither the police could investigate into the offence in question nor submit a report on which the question of taking cognizance could have arisen. While on this point, it may be mentioned that in view of the proviso to Section 2(d) Cr. P.C., which defines 'complaint', the police is entitled to submit, after investigation, a report a relating to a noncognizable offence in which case such a report is to be treated as a 'complaint' of the police officer concerned, but that explanation will not be available to the prosecution here as that related to a case where the police initiates investigation into a cognizable offence unlike the present one but ultimately finds that only a noncognizable offence has been made out.

(૪) મો.વ્હી.એકટની કલમ–૧૮૫ તથા અન્ય ગુન્હાઓ કોગ્નીઝેબલ છે કે નોન–કોગ્નીઝેબલ છે તે અંગે કોઈ સ્પષ્ટ જોગવાઈ મો.વ્હી.એકટમાં કરવામાં આવેલ નથી ત્યારે ક્રિ.પ્રો.કોડ કલમ–૪ મુજબ બીજા કોઈ કાયદા અન્વયેના તમામ ગુનાઓની પોલીસ તપાસ, તપાસ, ઈન્સાફી કાર્યવાહી અને અન્ય કાર્યવાહી જો તેવા બીજા કાયદામાં જોગવાઈ કરવામાં આવેલ હોય તો તે મુજબ અન્યથા

ક્રિ.પ્રો.કોડની જોગવાઈઓ અનુસરવાની રહે છે.

–મો.વ્હી.એકટ હેઠળના ગુનાઓની તપાસ, ઈન્સાફી કાર્યવાહી અને અન્ય કાર્યવાહી બાબતે કોઈ સ્પષ્ટ જોગવાઈ તે કાયદામાં કરવામાં આવેલ નથી. ગુન્હાઓ, ખાસ કરીને કલમ ૧૮૫ મુજબનો ગુનો, કોગ્નીઝેબલ છે કે નોન–કોગ્નીઝેબલ છે તે નકકી કરવા માટે આવા ગુન્હા સબબની તમામ કાર્યવાહીઓમાં ક્રિ.પ્રો.કોડ કલમ ૪(૨)થી ઠરાવ્યા મુજબ ક્રિ.પ્રો.કોડની જોગવાઈઓ અનુસરવાની રહે છે.

–મોટર વ્હીકલ એકટની કલમ ૧૮૫ ના ગુનાના ભંગ બદલ કરવામા આવેલ સજાની જોગવાઈ ધ્યાને લેતા પ્રથમ ગુંના માટે છ માસ સુધીની સજા અથવા દસ હજાર રૂપિયાનો દંડ અથવા બંન્ને, બીજા અને ત્યાર પછીના ગુંના બદલ બે વર્ષ સુધીની સજા અથવા પંદર હજાર રૂપિયાનો દંડ અથવા બંન્ને એવી સજાની જોગવાઈ કરવામાં આવેલ છે.

– માટે આ ગુન્હો કોગ્નીઝેબલ છે કે નોન–કોગ્નીઝેબલ તે નકકી કરવા ક્રિ.પ્રો.કોડ શેડયુલ–૧ ના ભાગ–૨, ક્રમાંક નંબર–૩ માં કરવામાં આવેલ જોગવાઈ જોવામાં આવે તો તે મુજબ જે ગુનામાં ત્રણ વર્ષથી ઓછી મુદતની કેદની અથવા માત્ર દંડની શિક્ષાને પાત્ર ગુનો હોયતો તે નોન–કોગ્નીઝેબલ ગુનો ગણાય છે અને તેથી મોટર વ્હીકલ મો.વ્હી.એકટની કલમ–૧૮૫ મુજબ શિક્ષાપાત્ર ગુન્હો પણ નોન–કોગ્નીઝેબલ ગુનો ગણાય.

(૫) એવી રજુઆત છે કે મો. વ્હી.એકટની કલમ–૨૦૨ માં મો. વ્હી.એકટની કલમ ૧૮૪, ૧૮૫ અને ૧૯૭ મુજબના ગુન્આમાં વોંરન્ટ વગર ધરપકડ કરવા પોલીસ અધિકારીને સત્તા આપવામાં આવેલ છે માટે આ ગુન્હાઓ કોગ્નિઝેબલ ગણાય. મો.વ્હી.એકટની કલમ–૨૦૨ જોવામાં આવે તો તેમાં પોલીસ ઓફિસરને વોંરન્ટ વગર ધરપકડ કરવાની સત્તા આપવામાં આવેલ છે પણ ધરપકડ કરવાની આવી સત્તા હોવા ના કારણમાત્ર થી આ ગુનો કોગ્નીઝેબલ ગણાય ? મેજીસ્ટ્રેટ પોલીસ ચાર્જશીટના આધારે કોગ્નીઝેન્સ લઈ શકે ? પોલીસે કરેલ ચાર્જશીટને ફરીયાદ તરીકે ગણી ક્રિ.પ્રો.કોડ કલમ ૧૯૦ મુજબ કાર્યવાહી કરી શકાય? આ મુદ્દાઓ બાબતે અને મો.વ્હી.એકટની કલમ–૧૮૫, ૨૦૨ અને ૨૦૩ ના સીધા પરિપેક્ષમાં <u>(૧) મેહબુબ કોયા મોઈદિન વિરૂધ્ધ રાજય, ૨૦૧૧ ક્રિમીનલ લો જનરલ ૨૭૯૫ (૨) પોરીન્ચુ ટી.કે.વિરૂધ્ધ સ્ટેટ ઓફ કેરેલા ફોજદારી પરચુરણ અરજી નં. ૧૦૮૨/૨૦૧૧ (૩) સંદિપ ઈન્દ્રાવદન સાગર વિરૂધ્ધ મહારાષ્ટ્ર રાજય અને બીજા ૨૦૧૩ ક્રિમીનલ લો જનરલ ૧૧૪૭ (૪) સીગ્મોન ઉર્ફે પ્રકાશ વિરૂધ્ધ કેરેલા રાજય ૨૦૧૪ ક્રિમીનલ લો જનરલ ૪૬૫૭ (૫) રાની શશાંક દોષી વિરૂધ્ધ મહારાષ્ટ્ર રાજય (ડીવીઝનબેન્ચ)(૨૦૧૪) ૧ બીઓએમસીઆર (ક્રાઈમ)૩૩૯</u> ના ચુકાદાઓમાં નામદાર વડી–અદાલતોએ ઉપસ્થિત થયેલા ઉપરોકત તમામ મુધ્દાઓની વિગતવાર ચર્ચા કરી સ્પષ્ટ રીતે એવા ન્યાયીક અવલોકનો અને નિર્ણયો કરેલ છે કે, મો.વ્હી.એકટની કલમ–૨૦૨ મુજબ યુનીફોર્મમાં સજ્જ પોલીસ ઓફીસરની હાજરીમાં મો.વ્હી.એકટ મુજબનો કોઈ ગુનો કરવામાં આવેલ હોય તો જ પોલીસ ઓફીસરને ધરપકડની સત્તા રહેલી છે પણ મો.વ્હી.એકટની કલમ–૨૦૨માં પોલીસને ધરપકડની કોઈ અનિયંત્રીત સત્તા આપેલ નથી. આ

ધરપકડની સત્તા સંજોગોને અનુરૂપ કોઈ વ્યકિત નશો કરી વાહન ચલાવતો હોવાનું જણાય તો તેની અટકાયત કરી તેનું તબીબી પરીક્ષણ કરાવવા પુરતી સ્પેશ્યલ કાર્યવાહી માટે જ આપવામાં આવેલ છે. તબીબી પરીક્ષણ પછી તેવી વ્યકિતએ નશો કર્યાનું જાહેર થાય તો તેવા પોલીસ અધિકારીએ અધિનીયમની કલમ–૧૮૫ મુજબના આ નોન–કોગ્નીઝેબલ ગુન્હા સબબ કાં તો ક્રિ.પ્રો.કોડ કલમ–૧૫૫ હેઠળ કાર્યવાહી કરવી પડે અથવા ક્રિ.પ્રો.કોડ કલમ–૧૯૦ હેઠળ ખાનગી ફરીયાદ કરવી પડે પણ ક્રિ.પ્રો.કોડ કલમ–૧૫૪ હેઠળ એફ.આઈ.આર. થઈ શકે નહીં કે તપાસ થઈ શકે નહીં અને ક્રિ.પ્રો.કોડ કલમ–૧૭૩ હેઠળ ચાર્જશીટ પણ થઈ શકે નહી. ધરપકડની આવી મર્યાદિત સત્તા હોવા માત્રથી જ મો.વ્હી.એકટની કલમ–૧૮૪, ૧૮૫ અને ૧૯૭ મુજબના ગુનાઓ કોગ્નીઝેબલ બની જતા નથી. મો.વ્હી.એકટની કલમ–૧૮૫ મુજબના ગુના બાબતે કરવામાં આવેલી સજાની જોગવાઈ સાથે ક્રિ.પ્રો.કોડ શેડયુલ–૧ ના ભાગ–ર ના ક્રમાંક નંબર–૩ માં કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેતા આ ગુનો સ્પષ્ટ પણે નોન–કોગ્નીઝેબલ ગુનો ગણાય. નોન–કોગ્નીઝેબલ ગુના બાબતે ક્રિ.પ્રો.કોડ કલમ– ૧૫૫(ર) માં કરવામાં આવેલ જોગવાઈ મુજબની પરવાનગી લીધા વગર જો તપાસ કરવામાં આવે તો તે ગેરકાયદેસર ગણાય. તેવા ગુનામાં મેજીસ્ટ્રેટ પોલીસ ચાર્જશીટના આધારે કોગ્નીઝેન્સ લઈ શકે નહી. પોલીસ ધ્વારા કરવામાં આવેલા આવા ચાર્જશીટને ફરીયાદ તરીકે પણ ટ્રીટ કરી શકાય નહી એવા સ્પષ્ટ રીતે ન્યાયીક અવલોકનો કરેલ છે અને (૧) તીલકનગર ઈન્ડ્રીસ્ટ્રીસ લીમીટેડ વિરૂધ્ધ આંધ્રપ્રદેશ રાજય, ૨૦૧૧(૧૫) એસ.સી.સી. ૫૭૧, (ર) કેશવલાલ ઠાકુર વિરૂધ્ધ બિહાર રાજય ૧૯૯૬(૪) ક્રાઈમસ (સુપ્રિમકોર્ટ) ૧ર૧, (૩) મણીચંદ વિરૂધ્ધ રાજય, ૧૯૯૯ ક્રિ.લો.જ. (દિલ્લી) ૧૫૧ર, (૪) એસ. મસ્થાન સાહેબ વિરૂધ્ધ પી.એસ.આર.અંજાને ચેલ્લુ ર૦૦૩ ક્રિ.લો.જ. ર૪૮, (૫) અરૂણકુમાર ભાર્ગવ વિરૂધ્ધ મધ્ય પ્રદેશ રાજય ર૦૦ર ક્રિ.લો.જ. ર૧, (૬) અવિનાશ મધુકર મુખેડકર વિરૂધ્ધ રાજય ૧૯૮૩ ક્રિ.લો.જ. ૧૮૩૩, (૭) પ્રભાકર પાન્ડુરંગ સાંજગીરી વિરૂધ્ધ મહારાષ્ટ્ર રાજય ૧૯૮૬(૧) ક્રાઈમસ (બોમ્બે) ૧૬૮, (૮) શિવાનંદ ગીરધર નાઈક વિરૂધ્ધ સબ ઈન્સ્પેકટર પોલીસ ર૦૦૦ ક્રિ.લો.જ. ૪૭૭૬ (બોમ્બે), (૯) મનમથાગીરી વિરૂધ્ધ ઓરિસ્સા રાજય ર૦૦ર(૧) ક્રાઈમ્સ ૪૬૪ વાળા ચુકાદાઓમાં નામદાર સુપ્રિમ કોર્ટ તથા નામદાર હાઈ કોર્ટોએ એવા સ્પષ્ટ ન્યાયીક અવલોકનો કરેલ છે કે, સી.આર.પી.સી કલમ ૧ ૫૫(ર) માં કરવામાં આવેલી જોગવાઈ ફરજીયાત સ્વરૂપની જોગવાઈ છે. આથી આ જોગવાઈનું પાલન કર્યા વગર પોલીસ ગુનાની તપાસ કરી શકે નહી, આમ છતા જો તપાસ કરવામા આવે તો તે ગેરકાયદેસર ગણાય છે અને મેજીસ્ટ્રેટ આવા કેસમાં પોલીસ ચાર્જશીટના આધારે કોગ્નીઝનસ લઈ શકે નહી. ક્રિ.પ્રો.કોડ કલમ ૪૬૧ મુજબની આ એવી ગેરકાયદેસરતાઓ ગણાય કે જેનાથી સમગ્ર કાર્યવાહી દુષીત બને છે.

(૬) આ કોર્ટ આવા કેસમાં પોલીસ ચાર્જશીટના આધારે ગુનાનું કોગ્નીઝેન્સ લઈ શકે નહી. આમ છતા જો ગુનાનું કોગ્નીઝેન્સ લેવામા આવે તો તે ક્રિ.પ્રો.કોડ કલમ–૪૬૧ મુજબની એવી ગેરકાયદેસરતા ગણાય કે જેનાથી સમગ્ર કાર્યવાહી દુષીત બને છે અને આવા ગુનાનું કોગ્નીઝેન્સ લઈ કેસ ચલાવવામાં

આવે તો તે એબ્યુઝ ઓફ પ્રોસેસ ગણાય, હકુમત વિહીન કાર્યવાહી બને. આવી કાર્યવાહી શરૂઆતથી જ નિરર્થક ગણાય છે. આવી નિરર્થક કાર્યવાહી પાછળ અદાલતનો સમય વ્યતીત કરવો ન્યાયીક રીતે પણ યોગ્ય ગણી શકાય નહી. આમ આ તમામ કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લઈ આ કેસની કાર્યવાહી ક્રિ.પ્રો.કોડ કલમ–૨૫૮ મુજબ બંધ કરી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ જાહેર કરવામાં આવે છે.

::: હુ ક મ :::

(૧) આરોપી વિરુધ્ધ મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ મુજબ શિક્ષાપાત્ર આ ગુન્હાની કાર્યવાહી સી.આર.પી.સી કલમ–૨૫૮ અન્વયે બંધ કરી આરોપીને છોડી મુકવાનો આદેશ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ બાબતે વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો આ હુકમથી કાયમ કરવામાં આવે છે. જો વચગાળા તબકકે હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ રાખવાનો અને જો હુકમ ન કરેલ હોય તો તે બાબતે અરજદારનું યોગ્ય વેરીફીકેશન કરી મુદ્દામાલ અપીલ સમયબાદ અરજદારને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સમયમર્યાદાની જોગવાઈ તથા સી.આર.પી.સી કલમ–૩૦૦(૫)ની જોગવાઈને આધીન રહી અધિકૃત ઓથોરીટી આરોપી સામે આ બાબતે ફરી કેસ દાખલ કરી શકે છે.

હુકમ આજરોજ તારીખ ૨૬ મી માહે જુન સને– ૨૦૨૨ ના રોજ,વાંચી સંભળાવી,સ્પેશીયલ લોક અદાલતમાં જાહેર કરવામાં આવેલ છે.

મું.સુરત **( જયશ્રીબેન.એસ.જાદવ )**

તા.૨૬/૦૬/૨૦૨૨ **જયુડીશયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ,સેકન્ડ કોર્ટ,જામજોધપુર**

જજીસ કોડ–જીજે૦૧૪૨૪